Date :- 21-06-2024

Divya Bhaskar, Page-iv, Surat

**વિશેષ** • અઠવાલાઈન્સથી જીઆવ અને ભીમપોર કેટલા દૂર તે મુદ્દે કલેક્ટરે રિપોર્ટ આપ્યો

# હાલની કોર્ટથી જીઆવ 15 કિમી, ભીમપોર 14 કિમી દૂર છે પણ જીઆવમાં મેટ્રોની અને ભીમપોરમાં સિટી બસની કનેક્ટિવિટી

લીગલ રિપોર્ટર | સુરત

આગામી 22-23 જૂને હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ સુરત આવી રહ્યા છે ત્યારે નવી કોર્ટનો ઇશ્યુ ફરી ચર્ચામાં છે. ચીફ જસ્ટિસના પત્રના અનુસંધાને કલેક્ટરે હાઈકોર્ટને હાલની કોર્ટ બિલ્ડિંગથી જીઆવ-બુડિયા અને ભીમપોરની જગ્યા કેટલી દૂર છે, ત્યાં કનેક્ટિવિટી કેવી છે વગેરેની એક તુલનાત્મક સરખામણીનો અહેવાલ મોકલ્યો હતો, જેની એક નકલ ગુરુવારે રજિસ્ટ્રારે જિલ્લા વકીલ મંડળ અને સિટી બાર એસો. ને પણ આપી છે. ચર્ચા એ વાતની પણ છે કે ચીફ જસ્ટિસ સંભવતઃ સૂચિત જગ્યાઓની રૂબરૂ મુલાકાત પણ લઈ શકે છે.

સૂચિત કોર્ટ બિલ્ડિંગ જીઆવ બુડિયામાં નહીં બને એ માટે વકીલો અગાઉ રેલી કાઢી ચૂકયા છે. આ જગ્યાના વિકલ્પરૂપે વકીલોએ સામેથી ભાઠાની જગ્યા માંગી હતી, પરંતુ કલેકટરે એમ કહીને આ જગ્યા નકારી હતી કે ત્યાં બાંધકામ જ થઈ શકે એમ નથી, જ્યારે ભીમપોરની જગ્યા વકીલોને દૂર પડતી હોવાથી આ જગ્યા પર પણ ચોકડી મારી દેવાઈ હતી. આ સ્થિતિ વચ્ચે કલેકટર પાસે બંને જગ્યાનો ચાર્ટ માંગવામાં આવ્યો હતો.

## તુલનાત્મક ચાર્ટમાં મેટ્રો-એરપોર્ટનો ઉલ્લેખ

| વિગત | જીઆવ-બ્લોક નંબર244-અ | ભિમપોર બ્લોકનંબર-8 |
|---|---|---|
| હાલની જગ્યાથી અંતર | 15કિમી | 14 કિમી |
| રેલવે સ્ટેશનથી અંતર | 14 કિમી | 22 કિમી |
| લેન્ડમાર્ક | ડાયમંડબુર્સ | એરપોર્ટ |
| બસ કનેક્ટિવીટી | હા | હા |
| મેટ્રો કનેકિટવિટી | ડ્રીમસિટી, ખજોદસુધી | - |
| પલસાણા ચોકડીથી અંતર | 17 | 33 |
| લાજપોરથી અંતર | 11કિમી | 27કિમી |
| જમીન નજીક અન્ય જાહેર સંસ્થા ટ્રાફિક પોલીસ સ્ટેશન | GSRTC ક્વાટર્સ ઉમિયાધામ કન્યા છાત્રાલય પુરવઠા ગોડાઉન | પમ્પિંગ સ્ટેશન |

## ...તો શું જીઆવ-બુડિયા પસંદ થશે?

તુલનાત્મક સરખામણીમાં બંને જગ્યા વચ્ચે એક મોટું અંતર કનેકિટવિટીનું છે. ખજોદમાં મેટ્રો જોડાનાર છે તો ભીમપોરમાં હાલ સિટી બસ દોડે છે. લાજપોર કે પલાસાણા ચોકડીથી જીઆવ બુડિયા નજીક છે. એટલે ચર્ચા એ પણ શરૂ થઈ ગઈ છે કે લોકોને આવવા-જવા માટે આગામી સમયમાં મેટ્રો મુખ્ય રૂટ બની રહેનાર છે. તો શું કોર્ટ જીઆવ જશે એ ચર્ચા પણ જોરમાં છે.